ઈરાંની ખીલા રોકી તખતીઓ

વીશે

ઈઊરોપીઅન ગરંથકારોએ કરેલી શોધ.

—0—

ઇનામનો રીસાલો.

બનાવનાર— જાંગીરજી બરજોરજી વાછા.

સર જંમશેદજી જીજીભાઈ ટરાંનસલેશન ફંડના તરશટી સાહેબોએ

સંઘલા જરતોસતીઓની વાકેફગારીને સારૂં

છપાવી પરગટ કરેઓછે.

મુંબઈ

જામે જમશેદ છાપાખાનાં મધે

હોરમજજી દાદાભાઈ પરીટરે

છાપીઓ.

સને ૧૨૩૨ ઈઅજદજરદી.

સને ૧૮૬૩ ઈસવી.

કીમત રૂ૧)

بنام ایزد بخشایندهٔ بخشایشگر مهربان

દીબાચો.

સર જંમશેદજી જીજીભાઇ તરાનસલેશન ફંડના તરશટી સાહેબોએ મુંબઇનાં ગુજરાતી. વરતમાંન પતરો મધે તારીખ ૧૬ મી આગશટ સને ૧૮૫૮ ને દીને એક જાહેર ખબર છપાવીને એવું જાહેર કીધું હતું કે નીચે ટાંકેલી બાબદ ઉપર જે કોઇ સઉથી સારો એક રેસાલો લખશે તેહને ફંડમાંથી રૂ૫૦૦) અંકે પાંચસોનું ઇનાંમ આપીઆમાં આવસે.

રેસાલાની બાબદ.

"ઈરાંની ખીલા રોકા હરૂફો જે પાહડો અને બીજી કેટલીએક જગોએ મેજર રાલીનસન અને ઇઉરોપ ખંડના બીજા આલમાઓએ ઉકેલીઆછે તે ઉકલાવવા તથા વાંચી સહમજવાનો કાએદો તથા તેહનું વેયકરણ તથા એ વીદવાંનોએ ઉકલાવેલી તખતીઓના તરજુમા તથા તે

થે આપેલી ફરહંગ, અને એ પુરાતમ લેખો ઉકલાવવા વીશેની તવારીખ અને તે વગરે એ લેખોને લગતી બીજી સંઘલી હકીકત."

ઈ રેસાલો લખી મોકલવાની મુદત તારીખ ૧ લી જુલાઈ સને ૧૮૫૯ સુધીની મુકરર કરે આમાં આવી હતી, તે મુજબ સર જમશેદજી જી જીભાઈ તરાનસલેશાંન ફંડના તરસટી સાહેબો ઉપર આઈ ઈકજ રેસાલો મોકલીઆમાં આવી ઓ હતો અને તેહની નીસાંણ "પારસ, પાર સાહયા પુતર, અરીય, અરીયા ચીતર" કરીને હતી. ઈ રેસાલો ઈનામને લાઈક ઠેડવીઓછે.

આ રેસાલાની છેડ ૧૦૬ ઠે પાંનેથી ફરહંગ સરૂ થઈછે તે, ૬ અક્ષર વેરછે; આગલ વધા રે નથી. તેનું કારણ ઈછેકે હજી સુધી રાલી નસનની ફરહંગનો બીજો લાગ બાહેર પડી ઓ નથી.

ઈરાની

ખીલા રોકા હરૂફો તથા લેખ.

પુરાતન વખતમાં, જારે એશીઆના મોટા રાજોની શરૂઆત થાઈ નહી હતી, તે વખતે એક ટોલો આફગાનીશતાનની ઉતરનાં પાહાડો ઉપર રેહતો હતો. એ ટોલો જે ભાશા બોલતો હતો તે ભાશા આશપાશની વશતીની ભાશા કરતાં જુદી હતી. એ ટોલો શફેદ, ખુબશુરત અને લડાએક હતો. ઈશવી શનેની પંદરશો વરશ આગમચ એ ટોલાનો ઘણોએક ભાગ આશપાશના દેશો ફતેહ કરવા અને વધારે ફલવાંન દેશમાં જાઈ વસવા બાહેર પડીઓ. તેઓની બે ટોલકી થાઈ, બંધેએ જુદા રસતા પકડીઆ. પેહલીએ દખસણ અને પુરવનો રસતો પકડીઓ; અને લડાઈ કરતા સતલેજ નદીને કાંઠે આરીઆવરતમાં આવીને વાસો કીધો. એવો પેહલા હીંદુઓ હતા અને તેઓની ભાશા વેદની સંસકરીત હતી. બીજી ટોલકીએ પસચમનો રસતો પકડીઓ અને તેઓને જે તુરાનીઓ આડે આવતા હતા તેઓને જીતીને આગલ કુચ કરતા ચાલીઆ, તેઓની ભાશા ઝંદ હતી અને તેઓ પેહલાં અરીએનમ્ વએજો (ઈરાન વેહેજ) જેની જગો જેહુન નદીના ઉપલા ભાગ આગલ ધારેછે તાંહાં આવી વસીઆ. એ ટોલો પેદરપે પસચમ તરફ વધતો ગીઓ, જેનો હેવાલ વંદીદાદની પેહલી ફરગરદમાં આવીઓછે. આસપાસની તુરાની વસતીથી એ ટોલો ધરમ, ભાશા, તથા વંશમાં જુદો હતો તેથી પેહલાં પોતાનો પગ મજબુત કરવા એ ટોલો ગુતાએઓ હતો. ઈસવી સનેની અગાઉ સાતમી સદીમાં ખોરાસાન

માંથી ઉવખશતર નાંમનો પાદશાહ, જેને ઈઉનાંની લખનારા કાઈઆકસ રીસ કેહતા હતા તે ઉભો થાએઓ અને ઈરાનીઆનુ રાજ આસપાસની પરજાઓ ઉપર સથાપવાનુ સરૂ કીધું. એ નવું રાજ જેમ વધતું ગીઊં તેમ પાસેના આસીરીઆના રાજની હાલત પડતી દશાની આવતી ગઈ અને જારે નીનીવીહનુ બુલંદ શેહર તારાજ થાએઊં તારે, મધીઅ એશીઆમાં ઈરાનીઓનો કાબુ મજબુત બેઠો. ઉવખશતરની ઓલાદમાં ઈરાનનુ રાજ એક સદીપણ રહી શકીઊં નહી. એ પાદશાહના વખતમાં પારસમાં હખામનીશ નામના સરદારે એક જુદા પાદશાહી વંશનો પાએઓ નાખીઓ. એની પછી બીજા ચાર પાદશાહો થઈ ગીઆ; પણ છઠા પાદશાહએ એશીઆમાં આગલના રાજો કરતાં વધારે મજબુત અને બલવાન એવુ રાજ સથાપીઊં કે તેઓની કીરતી એ નવા પાદશાહની કીરતી આગલ જાણી રહી નહી. એનું નામ કુરૂશ હતું અને ઈઉરપીઅન લખનારા કોરોસ, અથવા સાઈરસ કેહેછે. એ પાદશાહનો હેવાલ હીરાડોટસ નામના તવારીખ કરતા તથા બીજા ઈઉનાની ગરંથકારોએ લખીઓછે. એ રાજ સેકંદર રૂમીના વખતવેર ટકીઊં. એ રાજ એટલુંતો મોહોટું હતુ કે તે વખતનાં એક ઈરાની શાહાજાદાએ પોતાના રાજની મોટાઈ સમજાવા એમ કહેઊં હતું કે મારા બાપનો મુલુક એટલો પંથરાએલોછે કે એક હદના રેહવાસીઓ સખત તાહડથી ઠઠડેછે અને બીજી હદના રેહવાસીઓ ગરમીથી કંટાલેછે. એ રાજ સીંધુ અને જેહુનની નદીઓથી ભુમીદીઅ સમુદ્દર વેર એક બાજુએ પંથરાએલું હતુ; બીજી બાજુએ કાકેસસના પરવતોથી આફરીકાના રેતીના જંગલવેર હતુ. કુરૂશથી સેકંદરવેર જે પાદશાહો ઈરાનમાં થઈ ગીઆ તે હખામનીશ ખાનદાનના હતા. એ ખાનદાંનનુ નાંમ ઈઉનાનીઓ આકામીનીઅન લખી ગીઆછે. એ ખાનદાન ના જાહેર કાંમો હાલ સુધી વેરાન થાએલાં નજર આવેછે. એ વેરાનની હાલતમા તેઓનો અસલ દબદબો કાંઈ છુપો થાંઈ નથી ગીઓ; પણ જ

મુશાફરની નજર તેઓ ઉપર પડેછે તેઓ આગલની બાંધણીની રોનક અને કાંમ ઉપર આફરીન કરેછે. હાલ બે હજાર ઉપર વરશ થાએઆં તોબી અસલની બાંધણી જેવું માહાભારત કાંમ નવુ જોવામાં આવતુ નથી. રાજની જેમ મોટાઈ જતી રહી તેમ મેહલોની મોટાઇ પણ ગઈ.

એ ખાનદાનના પાદશાહો કેહવી ભાશા બોલતા હતા; તેઓએ પોતાની હકીકત તથા ફરમાનો કેહવી રીતે જાહેર કીધા હતાં; તથા પાછલા જમાના સારૂં સું ઈઆદદાસત પોતાની મુકી ગીઆ; તેની સોધ આ સદીની સરૂઆતથી ચાલીછે. ઈરાનના પાહાડો અને જુની બાહાંધનીઓ ઉપર ખીલા ઈઆ ફાંચર ઈઆ તીરના માથાના આકારના કોતર કામો નજર આવેછે. એ ખીલારોકી કાંમ કાંઇ બીના જાહેર કરેછે, કોઈ અણજાણી ભાશામાં, એવુ ઈઉરપીઅન મુશાફરો ધારતા આવીઆછે. એ વીશે જે તપાશ થાઈછે તે પેહલાં કેમ સરૂ થાઈ અને પછી આશતે આશતે કેમ વધતી ગઈ, જાંહાવેર ખીલારોકી કાંમમાંથી છુટા અખશરો નીકલી આવીઆ અને તે અખશરોની ગોઠવણથી વેઆકરણના કાએદા પરમાણે એબારત બેશતી ગઈ, એ સંધું તલો તવીલ જણાવાને આ રશાલામાં મોરેથી બની શકનાર નથી. કારણ એછે કે તેવું કરવા માટે પરોફેસર વીલસન અથવા બોપના જેટલું વેઆકરણનું ગનેઆન મને જોઈએ; બરનુએ ઝંદ ભાશા પછવાડે જે બારીકી બતલાવીછે તે મને હાસેલ કરવી પડે; તથા લાસન અને રાલીનસન એઓએ જેવી માહીતગારી ઉગમણ પરાંતોની ભાશા, તુવારીખ તથા ભુગોલની વીશે બતલાવીછે તેવી મને મેલવવી જોઈએ: અને કદાચ કોઈ મોજેજાથી મારામાં એટલી શકતી આવી તોબી શંધુ ગુજરાતી ભાશામાં, આ રેશાલો તપાસનારા તથા વાંચનારાઓને સમજ પડે, એવી રીતે જણાવાનુ માહાલછે. તેથી આ રેસાલામાં એટલી બાબદ લીધીછે કે સાધારણ વાંચનારને શમજ પડે તેટલી ઈરાની ખીલારોકી હરફોની તવારીખ, તથા સંધી ઈરાની તખતીઓ

જે આજ શુધી માલુમ પડીછે તેનો અસલ બોલી સાથનો ગુજરાતીમાં તરજુમો અને એક કોશ, જેમાં વેઆકરણ શાથે લીધેલું અને જેમાં શાધારણ કોશ કરતાં એટલી બાબદ વધારે લીધેલી કે તેથી ઈઉરપના વીદવાનોની મેહનત, હુશીઆરી અને બારીકીનો કેઆસ સાધારણ વાંચનાંરને કરવાને બની આવે.

ખીલારોકી હરફો ઉકલાવવાનુ કાંમ પેહલાં એક જરમને સરૂ કીધું. પરોફેસર ગરોતોફીનદે એ હરફો ઉપરની પોતાની મેહનત ઈ૦ સ૦ ૧૮૦૨ માં જાહેર કીધી; અને તારથી તે ૧૮૧૫ વેર એ હરફો ઉકલાવવા પછવાડે રોકાએલો રહેઓ. ખીલા અથવા ફાંચરો ઉપરથી જાડી તથા પાતલી થતી નીચે ગએલી હતી અને ખુણ ડાબી ગમ જાડા અને જમણી તરફ પાતલા થતા ગીઆછે તે ઉપરથી પેહલું મુકરર એ થએઊં કે ખીલાની ભાશા જો વંચાએતો ગુજરાતી અથવા ઈંગરેજી માફક દાબીગમથી જમણોગમ વાંચવી જોઈએ અને ઝંદ અથવા ફારસીમાં ઉલટી રીતછે તેમ નહી. ખીલાઓને થોડે અંતરે એક વાંકો ખીલો હમેશ આવતો નજર પડીઓ અને તે ઉપરથી બીજું એવું મુકરર કીધું કે એ આડા ખીલા વચે જે બીજા ખીલાઓ આવેછે તે બોલોછે અને એવા દરએક બોલની અંદર જુદા જુદા અકશરોછે. આગલ તપાસ કરતાં ગરોતાફીનદને માલુમ પડીઊં કે એક બોલ વારે ઘડીએ તખતીમાં આવીઆ કરેછે. એ બોલ પાદશાહના ખેતાબનો હશે એમ ધારીઓ, કાંએકે તે તખતી પાદશાહના આકારની આગલની હતી. એ બોલની આગલ પાદશાહનુ નાંમ જોઈએ અને પેહલવી તખતીઓ જે આગલ ડી સાસીએ ઊકલાવી હતી તેમાં બાપ અને દીકરાના નામ હતાં તેમ બે બોલ સોધી કાહાડીઆ જે પાદશાહોના, નામના હોએ. અવે એ બે નાંમ કોણના ? ગરોતોફીનદે પેહલાં વીચાર કીધો કે એ તખતીઓ ચેહેલ મીનાર ઉપરનીછે અને પરસી પોલીસનુ બેઆન સેકંદરની વખતના ગરીકો વીગતવારે કરી

ગીઆછે તે ચેહલ મીનારની આસપાસની જગોને મલતુ આવેછે તે ઉપર થી ચેહલ મીનાર સેકંદરની અગાઉ બંધાવો જોઈએ અને તે ઉપર તેની અગાઉના ઈરાંની પાદશાહોનુ નાંમ જોઈએ. ગરીક તવારીખ લખનારાઓ ઉપરથી સાઈરસ, કામબાઈસીસ, દરાઈઅસ, ઝરકસીસ તથા આરતા ઝરક સીસ એ નાંમો મલીઆં. એ નામો ગોઠવી જોતાં દરાઈઅસ અને ઝરક સીસ તેની નજરમાં દરૂસત લાગાં. બીજા પાદશાહોના નામ બંધ બેસી શકીઆં નહી કાંએકે સાઈરસ અને કાંમ બાઈસીસ એ નાંમો એકજ અ કશરે સરૂ થાએછે † તથા સાઈરસ અને આરતા ઝરકસીસ નાહાના મોટાં થાઈ પડીઆં. એ ઉપરથી બાપ તથા દીકરાના બે નાંમ ઉપર જ ણાવેલાં ગરોતોફીનદે બેસતાં ધારીઆં. એ નામોતો ગરીકોના લખીઆ પરમાંણે હતાં; ખરાં દેશી નામ મલવાં જોઈએ. જેમ હાલ આપણ પા રસીઓ ઈંગરેજી તથા હીંદુ નામોને થોડા ઘણા અસલ નામોથી ફેરવીએ છઈએ તેમ ગરીકોએ ફેરવીઆં હતાં; પણ ઈરાંનીઓ પોતે એ નામ કેમ બોલતા હતા તે સોધવાની જરૂરીઆત ગરાંતોફીનદે જોઈ. એક અસલ નામ પણ મલી આવીઊ. સતરાબો નામનો એક ગરીક ગરંથકાર, જે ની સોધ અને મેહનત ઘણીએક બાબદ ભારે સંભાલની હતી તેણે હેવુ જણાંવીઊં હતું કે જેને ગરીકો દરાએસ લખી ગીઆછે તેહને ઈરાનીઓ દારી આવીસ કેહતા હતા. એ નામ ગરોતોફીનદે કબુલ રાખીઊં. પછવા ડેની તપાશથી તે નામ દારયવુશ ઠરીઊં. ઝરકસીસ બોલને માટે ઝં દની અંદરથી મદદ મલી. આંકુટીલ દુપેરાં, જેણે ઝંદ અવસતાનો તરજુમો ઈઉરપમાં પેહલો કીધો હતો તેણે જણાવીઊં હતું કે જે નદીને ગરીકો આ રાકસીસ કેહેછે તેનુ નામ ઝંદમાં વીઆરોકશેછે; અને ગરીકમાં દુ અકશરછે તને બદલે ઝંદમાં કશ આવેછે. એ ઉપરથી તેણે ઝરકસીસનુ નામ કશરશે

---

† સાઈરસ નામ લાતીનછે; ગરીક નામ કોરાસ હતુ.

બાંચીઊં. હાલ એ નામ ખશયારશા ઠડીઊંછે. દરાઈઅસના બાપનુ નામ ગરીકમાં હીસતાસપીસ હતું તેણે સારૂં ગુસતાસપ, કીશતાસપ, તથા વીસતાસપ નામો ઝંદ તથા ફારસીમાંથી સોધી કાહાડીઆં. એ તરણ નામો તરણ ખીલારોકી જુમખાઓને લગાડી તેઓમાંથી અકશરો કાહાડવાનુ તથા તે અખશરો બીજી જગોએ લગાડી તેઉપરથી બોલ શોધી કાહાડવાનું કાંમ ગરોતોફીનદે સરૂ કીધું. એ ઈઉકતીની વખાણ આપણથી પુરતી રીતે થાઈ શકનાર નથી. જે ધણીને ઉગમણનાં દેશોની ભાશાઓની માહીતગારી નહી, તેણે તે દેશોનાં મુસાફરોની માતરે કેતાબોમાં તીરનાં માથા અથવા ફાંચર જેવા ખીલાઓને અકશરો માફક ઉકલાવીઆ, એ હીકમતનુ મોટુ માન તેને એકલાને ઘટેછે. એ સોધની સાથે મીસરનાં પુરાણા હીરોગલીફીકની સોધને સરકાવેછે; પણ બંધેમાં એક ધેઆનમાં રાખવા જોગછે. હીરોગલીફીકની તપાસની વખતે ડાકટર ઈઅંગને રોસેતા આગલનો એક પથર મલીઓ હતો, જે ઉપર તરણ ભાશા કોતરી હતી; બે જાતના હીરોગલીફીક અને ગરીક. ડાકટર ઈઅંગે વીચાર કીધો કે જે ગરીકમાંછે તેનો તરજુમો હીરોગલીફીકમાં હશે અને જાણીતી ગરીક ભાશાની મદદે તેણે અંજાણી ભાશા તથા હરફો ઉકલાવવા માંડીઆ હતા. પણ ખીલારોકી હરફો ઉકલાવવા કોઈ જાણીતી ભાશાની એવા મદદ નહી હતી. એ ઉપરથી ગરોતોફીનદની અકલની કદર વધારે આપણને લાગવી જોઈએ.

ગરોતોફીનદ પછી રાસકે બે અકશરો મુકરર કીધા અને તારપછી કેટલોએક સુધારો સેંટ મારટીન અને બરનુએ કીધો; પણ એઓ કરતાં પરોફેસર લાસને વધારે કીધું અને ૧૮૩૯ માં તેણે નવા બાર હરફો સોધી કાહાડીઆ.

જે વખતે ઈઉરપના વીદવાનો ખીલારોકી હરફોની તપાસ મુસાફરોની ચોપડીઓ ઉપરથી કરતા હતા, તે વખતે એક જુઆન અમલદાર, ઈ

સટ ઈનડીઆ કંમપનીની ચાકરીનો, ઈરાનની અંદર એખલો અને ચોપ ડીઓની મદદ વગર સોધ કરતો હતો. મેજર રાલીનસને † ૧૮૩૫ માં ખીલારોકી હરફો તપાસવાનુ સરૂ કીધું. તે વખતે તે કેરમાનશાના પચંતમાં હતો, અને જોકે તેને ખબર હતી કે ઈઉરપમાં ગરોતોફીનદે કેટલા એક પાદશાહોના નામો ઉકલાવીઆંછે તોબી, ગરોતોફીનદે જે અકશરો મુકરર કીધા હતા તથા તે કેમ સોધી કાહાડીઆ હતા તેની ખબર નહી હતી. મેજર રાલીનસને પેહલાં હામદન આગલની તખતીઓ ઉતારવા માંડી. સારાં ભાએગે એ તખતીઓ એવી હતી કે તેની સોધમાં ઘણી ફસલ પડે. બે તખતીઓમાં થોડા બોલો સીવાએ બાકીનુ એક સરખું હતું જે બોલો જુદા હતા તે રાલીનસને વીશેશ નામો (માણસના નામો) ગણીઆ. બીજુ એવું દેખાએઊં કે એ નામોમાનુ એક નામ તખતીમાં બીજુ આવેલુ અને બીજી તખતીમાં પેહલું આવેલું, તેથી રાલીનસને વીચાર કીધો કે તે નામ એકના બાપનુ અને બીજાના દીકરાનુ હશે, અને તરંણ બપાવો, બાપ તથા દીકરો હશે. એ ઉપરથી તે તરણ બોલોને વીસતાસપ, દારયવુશ તથા ખશાયરશા નામો આપીઆં જે પછવાડેની સોધથી સાબેત થાએઆં. હામદન આગલની તખતીઓ આગલ જોવા માં આવશે.

તારપછી રાલીનસને બહીસતુનના પાહાડ ઉપરની તખતીઓની બે ફલમો ઉતારી લઈને તેઓને એલવંડના પાહાડ ઉપરની તખતીઓ સાથે સરકાવી, અને તેઓ ઉપરથી અરશામ, અરીયારામન, ચીશપાઈશ, હખા મનીશ અને પારસા એ નામો સોધી કાહાડીઆં. એ નાંમોમાંથી અકશ રો મુકરર કીધા અને મેજર રાલીનસનની પઠે પાએની સોધનો એક દાખ

† હાલ ફ અમલદાર જનરલ સર હેચ્ સી રાલીસનછે, અને જે વખે તે આ રેસાલો લખીઓ તે વખતે તેને ઈંગલંડ તરફથી ઈરાંનની દરબારમાં ઈલચી ઠેડવીઓ હતો.

લો એછે કે તેણે જે પેહલાં અકશરો મુકરર કીધા તેમાંના અઢાર અકશ રો હાલ શુધી બાહાલ રહેઆછે. ૧૮૩૬ માં, જારે મેજર રાલીનસન તેહ રાંનમાં હતો તારે તેને ગરોતોફીનદ અને સેંતમારટીનની મેહનતની ખબર પડી; પણ તેઓના કરતાં રાલીનસન પોતે સોધમાં વધારે આગલ હતો. ૧૮૩૭ માં તેને બહીસતુનની તખતીઓની પેહલી આખી હાર અને બીજી હારોમાંની થોડીએક લીટીઓ સંભાલથી ઉતારી, અને પેહેલી હારની બે ક લમનો તરજુમો રાએલ એશીઆટીક સોસાએટી ઉપર મોકલીઓ. ૧૮૩૮ માં તેને બરનુની નાંમીચી સરેહ, જે ઈઅસના ઉપર કીધીછે તે મલી. એ ચોપડી રાલીનસનને ઘણી કામ લાગી, કાંએકે ખીલારોકી હરફેની ભા શા, બોલોની અને વેઆકરણની અંદર જેટલી ઝંદ અને વેદની સંસક રીતને મલતી આવેછે તેવી બીજી કોઈને મલતી આવતી નથી. વીદવા નોને એક ભાશા પુરતી રીતે સમજવા બીજી મલતી ભાશાઓ સારીપેઠે જાણવાની ઘણી જરૂરછે. ૧૮૩૯ માં પરોફેસર લાસને જે અકશરો મુ કરર કીધા હુતા તેની એક નકલ રાલીનસનને મલી. એ ઈંગરેજી અમલદા ર કબુલ રાખેછે કે પરોફેસર લાસને કેટલાએક અકશરો જે આગલ માલુ મ નહી હતા તે સોધી કાહાડીઆ, તોબી તેણે પોતે જે શોધ કીધી હતી તે કોઈબી મદદ વગર હતી અને લાસનની સોધથી તેને એટલો સંતોશ ઉપજીઓ કે મારી અને તેની મેહનત એકકને ખબર પડીઆ વગર એક સરખી રીતે ઉતરી. મેજર રાલીનસનની મેહનત જે પેહલી જાહેર થા ઈ તે કાંઈ થોડી નહી હતી. પાદશાહ દારયવુશના વખતના હેવાલની ચારસેંથી વધારે લીટીઓ સંભાલથી ઉતારેલી અને તેનો બોલેબોલ તરજુ મો આપેલો અને જે ઉપરથી ભાશાના વેઆકરણના કાએદા ખોલા માલુ મ પડે, તે કોઈની મદદ વગર પેહલાં મેજર રાલીનસને દુનીઆની હજુ ર મુકીઓ. ૧૮૪૦ માં કાબુલની લડાઈ નીકલી આવી તેથી રાલીનસ નને બગદાદ અને ખીલારોકી બાબદો છોડી અફગાનીસતાનમાં લડાઈના

કાંમોમાં ગુતાવું પડીઊં. ૧૮૪૩ માં તે લડાઈથી ફારેગ થાઈ, પાછો બગદાદ આવી, વધારે આતુરતાથી પોતાની આગલી સોધ પછવાડે મંડી ઓ. આ વખત તેને એક ઘણી ઉપીઓગી મદદ મલી. કેટલીએક જગો ભારે બીકટ અને ઊંચી હતી, તેથી તે ઉપરના ખીલારોકી હરફો આગલ જાઈ ઉતારી શકાતું નહી હતું, અને જો નીચે ઉભા રહેઆતો બરોબર દેખાએ નહી. પણ ૧૮૪૩ માં જારે, એમ વેસતરગારડ ઈરાનમાં મુશાફરી કરતો હતો તારે, તેણે પોતાની સાથે એક મોટી દુરબીન રાખી હતી; અને તેણે દુરબીનની મદદથી જે તખતીઓ ઉતારી હતી તે આગલીઓના કરતાં વધારે ચોકસ અને અસલ પરમાણે હતી. એ ચોકસ નકલો વેસતરગારડે પોતાના મીતર રાલીનસનને આપી,—તાર પછીની મેહનત રાલીનસનની એટલી થાઈ કે ખીલારોકી હરફો ઉકલાવવામાં તે સઉથી પેહલો ગણાએઓ છે. ગરોતાફીનદે જે સરૂ કીધું તે રાલીનસને સંપુરણ કીધું. હવે ઈરાની ખીલારોકી હરફો તથા તેની ભાશા તથા શબદો વીશે નકી કરવાનું જુંજ બાકી રહેઊંછે.

ઉપર જણાવેલી ઉકલાવાની રીત માતરે તરક બાંધેલી નહી ગણાંએ. અગર કેટલીએક નીસાણીને અકશરો ધારીઆ હોએ; જો તેમાંથી બેસતાં નામો નીકલી આવે; તે નામો પરમાણે તેની અંદરના અકશરો બીજી જગોએ લગાડતાં બરોબર અરથ થાએ એવા બોલો નીકલી આવે; જો તે બોલો ઉપરથી એક ભાશા નીકલે, જે ભાશા ગોઠવણ અને વેઆકરણમાં ઝંદ અને સંસકરીત જેવી પુખત ભાશાઓને મલતી આવે; જો એ સીવાએ જે બાબદ માલુમ પડી તે તવારીખને મલતી આવે, એવી રીતે કે કેટલીએક જગોએ બરોબર મલતી, કેટલી જગોએ ફેરફાર, વધતું ઈઆ ઓછું, જેથી તવારીખના અભીઆસીને બંધે એકકને સાબેત કરનારા નજર આવે: અગર આટલું છતાં કોઈ ધારે કે ખીલારોકી હરફો જેમ તેમ કરી ગોઠવી બેસાડીઆછે અને એ સોધો ઉપર શક નાખેતો તેનો વીચાર તેને મુબારકછે. સાધારણ વીચાર

કરનારાઓ એ સોધો ઉપર ભરોસો લાવસે અને ઈઉરપના વીદ્વાનો જેઓ હરએક બાબદ બારીકીથી તપાશેછે તેઓએ એ સોધો કબુલ રાખીછે તથા તે સોધની રીત પશંદ કીધીછે તે દાખલો આ રેસાલા લખનારના મતને પુરતો આધારછે.

ખીલારોકી હરફોની ઉતપનતી જાણવા જોગછે. એ હરફો આસીરીઆમાં ઉતપન થાએલા માલુમ પડેછે. એ હરફો ઘણાખરા કોતરેલા માલુમ પડેઆછે, પાહાડ ઉપર, ઘરની દેવાલ તથા ઈંતરડીઓ ઉપર, મટોડીના વાસણો ઉપર, હાથીદાંત, અકીક તથા બીજા પથરો ઉપર; પણ કેટલીએક ઈંતરડીઓ નીનીવીહના શેહરમાંથી જડી તે ઉપર એ હરફો રંગીન ચીતારેલા હતા. હરફો નીકલીઆ તેની અગાઉ લોકો હરકાંઈ ચીજ જણાવવા તેની સબી પાડવા લાગા, જેમકે પંખી ઇઆ પખશી જણાંવવું હોએ તો તેની સબી પાડે. પછવાડેથી આખી સબી પાડવાને બદલે તેને મલતી નીસાણી પાડવા લાગા. બાબીલન આગલ ખોદતાં કરનલ રાલીનસનને કેટલાએક અકીક તથા બીજા પથરા મલી આવીઆ હતા, જે ઉપર ચીજની શબી તથા તેની પાસે નીસાણી કોતરી હતી, જેમકે એક પખશીની સબી પાડી તેની સાથે પખશીની નીસાણી. એવા પથરોનો સંઘરહ રાખવાનુ કારણ દેખઈતુંછે કે કોઈને નીસાણી સમજ નહી પડેતો તેનો અરથ સબી બતલાવે. એવા પથરોનો જથો કરનલ રાલીનસનને ગોઆ પુરાણી ફરહંગ અથવા કોશ મલી હોએ તેમ થાઈ પડીઓ. એ નીસાણીઓ દરએક બોલને સારૂ થાઈ હતી. જેમ હાલ ચીનાઈ લખવાનુછે તેમ પેહલું લખવાનુ એવી નીસાણીઓનુ હતું. પછવાડેથી અકશરો નીકલીઆ. જે નીસાણીઓ બોલોને માટે હતી તે બદલાઈ તેમાંથી માતરે આવાજ નીકલવા લાગો અને હાલની સુધરેલી ભાશાઓમાં જે અકશરોછે તે માતરે આવાજની નીસાણીઓછે.

ઈરાણી પાદશાહોએ તરણ તરેહના ખીલારોકી હરફો વાપરીઆછે

અને તરંડેની ભાશા જુદી. પેહલા બાબીલોનીઅન હરફો, જે તરણડેમાં સઉથી પુરાણા ગણાએછે અને જેની ભાશા સેમેટીક અથવા ઇહુદી તથા અરબી ભાશાઓને મલતીછે: બીજા તાતાર હરફો, જેઓની ભાશા તુરાની: અને તરીજા ઈરાની હરફો, તરણ બોલીમાં જાહેર કરવાનુ કામ હાલ સુધી ઈરાનમાં ચાલીઊંછે. જો શાહને કાંઇ ફરમાન આખી રઈઅતને જણાવ વો હોએ તો તે ફરમાન અરબી, તુરકી અને ફારસીમાં જાહેર કરેછે. તેજ પરમાંણે આગલા ઈરાની પાદશાહોએ આખી રઈઅતને જણાવવા તરંણ બોલી વાપરી હતી. એ તરણ જાતની તખતીઓમાં, ઈરાની તખતીઓ એવી મુકેલીછે કે તે અસલ માલુમ પડેછે અને બીજી માતરે તરજુમાં. જાંહા તખતીઓ આડી હોએ તાંહા ઈરાની તખતીઓ ડાબી બાજુ ઉપર. જાંહા તખતીઓ ઉભી એકકની નીચે હોએ તાંહા ઈરાની તખતીઓ સઉની ઉપર, જાંહા માનની જગો હોએ તાંહા વચમાં અને બીજી તખતીઓ નજરની સનમુખથી દુર ગએલી. તરણે જાતના હરફોમાં ઈરાની સઉથી પાછલ ના અને સઉથી વધારે સુધરેલાછે. મુલાક્ષરોમાં ચહડતા ઉતરતા દરજજા છે. દરએક આવાજને માટે એકજ નીસાણી અથવા ક્ષર હોએ અને માણસના સંધા આવાજો અકશરે જાહેર થાતા હોએ તે મુલાક્ષરને સંપુર ણ ગણવા. હાલ એવા મુલાક્ષરો કોઈ ભાસામાં નથી અને સઉથી સુધરેલી સંસક્રૃત અથવા દેવનાગરી કેહવાએછે.

સંસકરીત અને ઝંદના હરફો સાથે સરખાવતાં ઈરાની ખીલારોકી હ રફો ઘણા અધુરાછે અને કેટલીએક જગોએ જોઈએ તેના કરતાં વધારેછે. ગુજરાતી સાથે સરકાવતાં સવરોની અંદર **એ** તથા **ઓ** નથી; વેઅન જનોમાં **ઘ, છ, ધ, ભ, લ** નથી, **ક** તરણ તરેહનોછે; કુની અંદરનો **કુ** બીજા બે **ક** કરતાં જુદોછે. તેમજ **ગ, ત, દ, ર** એઓ સાથે જારે **ઊ** જો ડાએછે તારે જુદા હરફો આવેછે. **જ** તથા **વ** સાથે **ઈ** જોડાએછે તારે પ ણ જુદા હરફો આવેછે. **મ** તરણ તરેહનોછે; **ઈ** તથા **ઊ** શાથે [illegible] જુ

દો હરફ, **ન** બી તરણ તરેહનો—**ઊ** સાથે જુદો અને **અ** ની અગાઊ જુદો. એક હરફ જોડાક્ષર ત્ર બતલાવેછે. પછવાડેના પાદશાહોના વખતમાં બે નીસાણી વધારે દાખેલ થાઈ પણ તે ક્ષરોની નહી પણ પદોની. એક નીસાણી **દહ** બતલાવેછે અને બીજી **ખુમી**. છેલું એક આડો ખીલો દરએક બોલનો છુટો રાખતો નજર આવેછે અને જેમ ગુજરાતીમાં બોલો વચે ખાલી જગો રેહેછે તેમ ખીલારોકી બોલો વચે આડો ખીલોછે. બહીસતુનની તખતીઓમાં એ ખીલો બોલોની અગાઊ આવેછે પણ ચેહલ મીનાર અને બીજી જગોએ બોલોની પછી. એ પરમાંણે સંધા મલીને ૩૯ અકશરોછે. **અ**, **ઈ**, **ઊ**, **ક** (તરણ જાતનો) **ખ**, **ગ** (બે જાતનો) **ચ**, **જ** (બે જાતનો), **ત** (બે જાતનો) **થ**, **દ** (તરણ જાતનો), **ન** (તરણ જાતનો) **પ**, **ફ**, **બ**, **મ** (તરણ જાતનો), **ય** , **ર** (બે જાતનો) **વ** (બે જાતનો) **સ**, **શ**, **હ**, **ઝ**, **દહ**, **ત્ર**, **ખુમી**. જોવો ક્ષરોનો કોઠો.

આંકો જે માલુમ પડીઆછે તે માતરે **૧**, **૨**, **૬**, **૭**, **૮**, **૯**, **૧૦**, **૧૨**, **૧૩**, **૧૫**, **૨૩**, **૨૬**, અને **૨૭** છે. પણ એ ઉપરથી આંકનો કાએદો થોડો ઘણો માલુમ પડેછે. એક ઉભો ખીલો તે એક; બે નાહાના ખીલા એકની નીચે તે બે. પછીના આંક જો બેકી હોએતો તેટલા બે આવેછે અને એકી હોએ તેની અંદર જેટલી બેકી હોએ તે જણાવી પછી એક ખીલો દોરેછે. જેમકે આઠ જણાવવા હોએતો ચાર બે દોરવા અને નવ હોએતો ચાર બે દોરી આગલ એક મોટો ખીલો કાહાડવો. દશને સારૂ ૮ નીસાણીછે અને વીશ ≶ છે. હવે એ પરમાંણે કાંહાં વેર ગણતરી કરતા હતા તે માલુમ પડતું નથી. સઉથી મોટી રકમ **૨૭** ની નજર આવીછે.

અકશરો મલીઆથી બોલો થાએછે તેની ગોઠવણ ઝંદને મલતી આવેછે. જેમ અંગરેજીમાં કાનો માતર નથી અને તેને બદલે અકશરોછે તેમ ઈરાની ખીલારોકી હરફોમાંછે. એ ભાશાનું વેઆકરણ હીઆં

જણાવવાની ગરજ નથી. કોશ ઉપરથી સાફ માલુમ પડશે કે સંસકરી
ત તથા ઝંદના વેઆકરણને એ ભાશાનુ વેઆકરણ કેટલું મલતું આવે
છે. ગુજરાતી કરતાં એ ભાશાનું વેઆકરણ વધારે પુખતછે. આપણ
કરતાં આપણા વડાવાઓ ૨૪૦૦ વરસ ઉપર વધારે સુધરેલી બોલી વાપ
રતા હતા.

એ ભાશા ઝંદ જેટલી પુરાની નથી. ઝંદ ચોપડીઓ ગમે એવી
વખતે લખાઈ હોએ, તથા ઝંદના અકશરો અને તેની જોડણી પુખત હો
વાના સબબથી ઝંદની ચોપડીઓ પછવાડેના વખતની ગણે, તોબી ઝંદ
ભાશાનું પુરાતમપણું વેદની સંસકરૂત ઉપરથી અને ખીલા રોકી ભાશા
ઉપરથી સાબેત થાએછે. જે વખતે ઈરાંનીઓ આફગાનીસતાંનના પાહા
ડ ઉપરથી પેહેલા ઉતરીઆ તે વખત વેરની ઝંદ ભાશા જુનીછે. ઈરા
ની ખીલારોકી હરફોની ભાશા કેઆરે શરૂ થાઈ તે માલુમ પડતું નથી
પણ સઉથી પુરાણી તખતી કુરૂશના વખતની ઈશવી શનેની અગાઉ છ
ઠી સદીની માલુમ પડીછે. સઉથી પછવાડેની તખતી ઈસવી સનેની ચો
થી સદીની મલી આવીછે અને સેકંદર પછી ખીલારોકીની ભાશા ઈરાન
માંથી ગુમ થાએલી માલુમ પડેછે. જારે આશકાની ટોલાનુ રાજ સરૂ
થાએઊં તારે, પારથીઅન ભાશા (એક જાતની તુરાંની) ચાલુ થાઈ અને
સાસાનીઓના વખતમાં પેહલવી. જેમ કેટલી કોમો લખંવા તથા
છાપવાના હરફો જુદા રાખેછે તેમ ઈરાનમાં ખીલા રોકી હરફોં સાથે બી
જા હરફો લખવાને કાંમે વાપરતા હતા તેની શાહાદત આપણને ઘણે ઠે
કાંણેથી મલેછે. હીરોદોટસ જણાવેછે કે ઈરાનીઓ મેંઢા તથા બકરા
ના ચાંમડાં ઉપર લખતા હતા. કીતીસીઆસ કેહેછે કે મેં મારી તવા
રીખની બીના તેવા દશતાવેજો ઉપરથી લીધીછે. પલેતો તથા બીજા ગ
રીક ગરંથકારો ઈરાની કેતાબો વીશે કેહેછે અને તેમાંથી ઉતારી લીધું

હોએ એમ જણાવેછે. યહુદીઓના ધરમ પુશતકમાં ઈરાની પાદશાહોના હોકમ નામાં લખેલાં જાહેર કીધાંછે. બુધ ધરમનાં કેટલાંએક પુસતકોનો તરજુમો, જે વખતે એ ધરમ ફેલાએઓ તે વખતે ઈરાનમાંની બોલીમાં થાએઓ હતો. એ સંધી શાહેદી ઉપરથી માલુમ પડેછે કે લખવાના હરફો ઈરાનમાં શેકંદરની અગાઊ બલકે કુરૂશની અગાઊ હતા; પણ તે હરફો હાલ સુધી જડીઆ નથીં. એ હરફો કેવા પાવા જોઈએ તે મુકર થાએઊછે. ઈરાનમાં બોલી બોલાતી હતી તેની ગોઠવણ પરમાંણેના હરફો જોઈએ અને કરનલ રાલીનસન ધારેછે કે તે હરફો ફારસી ઈઆ પેહલવી પરમાંણે નહી પણ સંસકરીત ઈઆ પાલી પરમાંણે જોઈએ.

ઈરાની ખીલારોકી તખતીઓ શું જાહેર કરેછે, તેની અંદર શું બીના આવીછે તે વીગતવાર જાંણવી હોએ તેને તરજુમાં ઉપરથી માલમ પડશે. હીંઆં થોડીએક તવારીખ જે તખતીઓ ઉપરથી નીકલીછે તથા તે તખતીઓ કાંહાંછે તે જણાવીછે. સઉથી જુની તખતીઓ પેહલાં લીધીછે.

ચેહેલ મીનારથી ૪૯ માઈલ દુર અને શીરાઝથી ઈસપાહાનના રસતા ઉપર મુરઘાબ નાંમનું મેદાંનછે. એ જગો ઉપર ભાગી ગએલી એક જુની ઈમારતછે જેને આસપાશના લોકો "મશદ ઈ માદરે ઈ સુલીમાન—શુલેમાનની માએની કબર"— કેહેછે. મુસાફરને પેહલી ચીજ જે નજરે પડેછે તે એક સાદો થાંભો અને તેનું મથાલું મલે નહી. તેની આસપાસ તરણ થાંભાછે, જેની ઉપર આગલથી નકસી અને બાજુએ ખીલારોકી હરફો કોતરીઆછે. એથી જરા દુર એક અજાએબ બાંધણી છે. તે સફેદ સંઘેમરમરનીછે અને નીચેથી કાટ કોણ, ચઉકોણ અને ઉપર જતાં નાધલી યતી જાએછે. અંદરથી ઓરડો દસ ફીટ લાંબો, સાત ફીટ પોહોલો અને આઠ ફીટ ઊંચોછે. જમીન ઉપર સોરાખોછે, જે ગોહાનના પગી મજબુત ધરી રાખે. સેકંદરના એક શરદાર નાંમે આ

રીસતોબીઉલસે પસારગારદીના શેહેરનુ બેઆંન કીધું છે અને કોરેશ પાદ શાહાના દાખમાં વીશે લખી ગીઓછે તેની સાથે હાલની જગા તપાસતાં સાબેત થાએઊછે કે મુરઘાબના મેદાંનમાં આગલ પસારગારદી હતું અને હાલ જેને ચુકમાં શુલેમાનની માએની કબર કેહેછે તે કોરેશનું દાખમુ છે. આસપાસના થાંબાઓ ઉપર ચાર જગોએ તરણ જાતની ખીલારો કી ભાશામાં એકજ તખતી આવીછે અને તે ઉકલાવીને તરજુમો કરતાં આ બોલો નીકલીઆછે:—

હું (છેઊં) કુરૂશ પાદશાહ, હખામનીશ (ખાંનદાંન) નો

કોરોસ જેવો નામીચો પાદશાહ, જેણે એક નાહાના પરાંત ઉપરથી એક મોટું રાજ સથાપીઊં, તેણે માતર આટલા સાદા હરફો પોતાની એઆદ ગારીના રાખેઆ, એ અજાએબ જેવું છે. પણ એ સાદાઈ ઉપર આપણુ ધે આંન વધારે દોડેછે. પછવાડેના નબલા પાદશાહોએ મોટા ખેતાબો લીધા, જેવા કે પાદશાહોનો પાદશાહ, દુનીઆનો પાદશાહ, આખી દુનીઆંને આ શરો આપનાર, તેઓ સાથે એક ખરા લડાએક અને નામીચા પાદશાહને શરખાવીએતો કોરોશના દાખમા ઉપરના સાદા સખુનોથી તેની બુલંદી અને મોટાપણુ વધારે દીપી નીકલેછે. કેટલાએકો ધારેછે કે શદથી જુ ની તખતી એ પાદશાહનીછે તેથી ઈરાની ખીલારોકી હરફો એણેજ પેહ લાં સોધી કાહાડીઆ હશે; પણ તેઓના માતરે કેઆસની સાબેતી કશી નથી. ગરીક લખનારાઓએ એના બાપનુ નાંમ કબુજીય (કામબાઈસી સ) આપીઊં હતું તે હાલ એક જુની બાબીલનની ઈતરદીથી સાબેત થા એઊંછે.

એ પાદશાહના બેટા કબુજીયની એક તખતી હજી સુધી જડી ન થી. કદાચ તેણે બનાવી હોએ પણ મગુશોએ તેની સાંમણે બલવો કી ધો હતો તેઓએ તારાજ કરી નાખી હોએ.

ઈરાનમાં સઉથી અગતની ખીલારોકી તખતીઓ દારયવુશ પાદશાહના વખતનીછે અને તે બહીસતુન અથવા બેશીતુનના પાહાડ ઉપર કોતરીછે. એ પાહાડ મોડીઆના પરાંતની પશચમે, કેરમાનશાહના શેહરથી થોડો દુર આવીઓછે. આગલાં ઈરાની રાજના ઉગમણ તથા પશચમના પરાંતો વચે જે મોટી રસતો હતો તે આ પાહાડ આગલથી ચાલીઓ જાએછે. તુરકી અને ઈરાન વચેનો હાલનો રશતો પણ એજ જગાથી જાએછે. પાહાડનો આકાર એવોછે કે હરકોઈની નજર તે ઉપર પડીઆ વગર રેહ નહી. એ પાહાડ ઉભો, ૧૭૦૦ ફીટ ઊંચોછે અને તે ઝાગરાસ પાહડનો એક ભાગછે, જે ઈરાન અને ઈરાક અરબી વચે આવીઓછે. જે કોતર કાંમ કીધુંછે તે ૩૦૦ ફીટ ઊંચુછે અને હજી શુધી ઘણી સારી હાલતમાંછે. એ કાંમ ઉપર ભારે મેહનત અને પઈસો ખરચેલો માલુમ પડેછે અને તે એવુંતો સફાઈદાર અને સંભાલથી કીધુંછે કે આપણી તારીફ લાએકનુ થાઈ પડીઊંછે. વરસાદ પાણીથી ખરાબ નહી થાએ અને પાહાડની નીચે ઉભેલો બરોબર વાંચી શકે તે સારૂં દારયવુશ પાદશાહે ઘણી સંભાલ રાખેલી સાબેત થાએછે. જે નકશો પાડીઆછે તેમાં નવ સખશોને મુસકાટંગ કરી તેઓની ગરદન એક દોરડાંથી બાંધીછે, દસમાંને ચતોપાટ નાખી, તેની છાતી ઉપર એક તાજ ધરાવનાંર સખશ પોતાનો એક પગ મુકી દબદબાથી ઉભો રહેઓછે. તેની પછવાડે બે સરદાર ઉભાછે. સંધાના માથાં ઉપર એક ફરોહર ઉડતું પાડીઊંછે. † એ સંધા સખસો કોંણછે, તે નાહાની તખતીઓમાં તેઓના માથાં ઉપર જાહેર કીધુછે, જેનો તરજુમો આગલ જોવામાં આવશે.

---

† બહીસતુન તથા બીજા કોતર કાંમોમાં ફરોહર પાડેઆછે તે ઊપરથી મી० લેઅરડ તથા બીજાઓએ એવો વીચાર જણાવીઓછે કે.ઈરાની પાદશાહોએ આ ફરોહરની નીસાંણી આસીરીઅનોના ધરમમાંથી પોતાના ધરમમાં લીધીછે; પણ ખીલારોકી હરફો અને ગરીક ગરંથકારો ઊપરથી સાફ દેખાએ

એ નકશ વીશે આગલ મુસાફરો તરેહવાર કેઆસ કરતા હતા કે ફલાણી બીના જાહેર કરેછે. ઘણાએએ ઈહુદીઓના ધરંમ પુસતકમાંની બીના લાગુ પાડવા માંડી; પણ જારે ખીલારોકી હરફ્ષે વંચાએઆ તારેજ એ નકશની ખરી મતલબ સમજ પડી. બહીસતુનની સંઘી તખતીઓનો તરજુમો આગલ વીગતવાર આવશે તેથી હીઆં તેનો ઈનતેખાબ માતર જાહેર કીધોછે.

જે વખતે કુરૂશનો બેટો કબુજીય મીસરમાં હતો તે વખતે એક મગુશ નાંમે ગઉમાતે લોકોને સમજાવીઊં કે હું કુરૂશનો નાવલો બેટો છેઊં, તેણે પાદશાહની ગેરહાજરીએ તાજ પોતાના માથાં ઉપર મુકીઊં. કબુજીય ઈરાંન પાછો આવતી વખત રસતામાં મરંણ પાંમીઓ. પેહલા સંધા મગુશને તાબે રહેઆ પણ પારસના ઈરાનીઓથી કોઈ બાહેરનાને રાજ કરતાં જોઈ ખમાએઊં નહી. એ મગુશે ઈરાની ધરંમમાં પણ ફેરફાર કીધો હતો તેથી પણ ઈરાનીઓને ચીડ ચહડી હતી. પણ તેની સામણે થવાને કોઈની હીમત ચાલી નહી. છેલે સરવાલે કુરૂશના ખાનદાનનો એક શાહુજાદો નામે દારયવુશ જે વીશતાસપનો બેટો થાએ તે હીમતથી સામણે થાએઓ અને છ ઈરાની સરદારોની મદદથી ગઉમાત મગુશને કતલ કીધો. દારયવુશે પાછો આગલો ઈરાની ધરંમ, જે ઈરાનીઓ એરીઅનેમ વએજોથી લેઈ આવીઆ હતા તે સથાપવા કોશેશ કીધી, અને જારે ધરંમનો સુધારો કરવામાં ગુતેલો હતો તારે, આખા રાજમાં બલવો ઉઠીઓ. પેહલાં સુસીઆનામાં બલવો સરૂ થાએઓ; પણ જલદીથી બલ

છે કે ઈરાનીઓ બુત પરસત નહી હતા, અને જોકે ફરોહર આસીરીઅનોમાં હોઈ તોબી ઈરાનીઓમાં ફરોહર ઈક નીસાણ દાખલ હતો. ફરોહરમાં માણશનું માથું તે અકલ બતલાવેછે. પાંખો ઊપરથી સંઘે હાજર હોઈ ઈમ નીકલેછે, અને ગોલ કુંડારૂં હમેશગી બતલાવેછે જેમ કુંડારાને છેડા નથી તેમ હમેશગીની સરૂઆત અથવા આખેરી નથી.

વાખોરોનો સરદાર પકડાએઓ ગીઓ. એ ગડબડમાં બાબીલનનુ શેહ
ર પોતાનુ સવતંતર પણુ મેલવવા ઉભું થાએઊં. એક સખશે જાહેરં કીં
ધું કે હું આગલા બાબીલનના પાદશાહોના ખાનદાનનો છેઊં. તે એટ
લોતો જોરાવર હતો કે તેની સામણે દારયવુશને પોતાને લશકર લેઈ ઉત
રવું પડીઊં. બે લડાઈ થાઈ; એક તાઈગરીસ નદી પાર કરતાં અને બીં
જી ફેરાત નદી ઉપર. એ બે લડાઈથી બાબીલન પાછું દારયવુશનાં હા
તમાં આવીઊં. એ શેહરમાં નજદીક બે વરશ પાદશાહ રહેઓ; પણ સુ
સીઆનામાં પાછો બલવો ઉઠીઓ. એ પરાંતના ઘણાએક લોકો દારયવુ
શની તરફના હતા, અને તેઓએ બલવો ઉઠાવનારને પકડી, બાંધી, પાદશા
હની ઉપર મોકલી દીધો. તાર પછી આસીરીઆ, અરમીનીઆ અને મી
દીઆના રેહવાસીઓ એકઠા થાઈ એક જણને ઉભો કીધો કે તે આગલા
ઈરાની પાદશાહનો બેટોછે. દારયવુશે પોતાના સરદારો તેની સામણે મો
કલીઆ. છ લડાઈ થાઈ તોબી બલવાખોરો નરમ પડીઆ નહી, અને
દારયવુશને પોતાને મેદાનમાં લશકર લેઈ ઉતરવું પડીઊં. તે બાબીલનથી
મીદીઆ ચાલીઓ, અને રએના મેદાનમાં દુશમનોને મારી પરાગંદે કરી
નાખીઆ, તેઓના ગોઠવી બેસાડેલા પાદશાહને બંધવો કરી તેને એક
બતાનામાં સુલીએ ચહડાવીઓ. પણ એ બલવાની અસર આગલ ચાલી
હતી. સગરતીઆ, પારથીઆ અને હીરકેનીઆના લોકો ઉભા થાએઆ,
તેઓની સામણે દારયવુશનો બાપ વીશતાસપ થાએઓ, અને એ પરાંતો
તથા મારજીઆનામાં જે બલવો થાએઓ હતો તે નરમ પાડીઓ. પણ
દારયવુશને પોતાના વતન પારસમાં એક જણ નડીઓ. તેણે આગલા
ગઉમાતની માફક દાવો કીધો કે હું કુરૂશનો નાહાનો છોકરો છેઊં. તે
નાથી પારસમાં ટકાએઊં નહી તેથી આરાકોશીઆમાં પોતાના એક સરદાર
ને મોકલી ગડબડ કરાવી. પણ પોતે તથા સરદાર બંધે મારીઆ ગી
આ અને દારયવુશ પાછો બાબીલન ચાલીઓ, જાંહા પાદશાહની ગેર હા

જરીએ પાછી ગડબડ થાઈ હતી. પણ દારયવુશ જાઈ પુગે તેની અગા ઊ તેના એક સરદારે સંધી સમાધાની કીધી. એ વખતે આખાં રાજમાં સુલેહ અને સમાધાની હતી તેથી બલવાની સઘલી હકીકત લોકોને જાહેર કરવા પાદશાહે બહીસતુન આગલ તખતીઓ કોતરાવાનુ સરૂ કીધું. એ તખતીઓ પુરી થાએ તેની અગાઊ એક તુરાની સરદારે ગડબડ કીધી. તેને શીકશાએ પોહોચાડી તેની બીનાં તખતીઓમાં વધારી. એ કોતર કાંમ રાલીનસનના ગણેઆ પરમાંણે દારયવુશના રાજના પાંચમાં વરસે, અથવા ઈસુના જનમની ૫૨૬ વરશ અગાઊ થાએઊં હતું.

જે આગલ તખતીઓના તરજુમાં ધેઆંન દેઈ વાંચશે તેને એ તખતીઓની સાદાઈ તુરત માલુમ પડશે. પાદશાહ પોતાના સંધાં કીધેલાંની કીરતી વારેઘડીએ હોરમઝદને આપેછે અને હોરમઝદની મદદથી પોતે ફતેહ પામીઓછે, એમ જણાવેછે. પોતાની ઉપર હોરમઝદની મેહેરબાનીનુ કારણ પાદશાહ ઘણી સારી રીતે જણાવેછે કે "હું બુરો નહી હતો, હું જુઠો નહી હતો, હું જુલમગાર નહી હતો." પાદશાહે પોતાના કાંમો ની બીના ખરી જાહેર કીધીછે તેની સાબેતી તેની ભીતરની શાહેદી ઉપરથી થાએછે. વાંચનારની ખાતરી કરવા તે જણાવેછે કે "હોરમઝદ મારો શાહેદછે કે જે મેં કીધુંછે તેનો આએ લેખ જુઠો નથી કીધો;" કોણ બલવાન, આપઅખતીઆર પાદશાહે આગલા વખતમાં આ પરમાંણે પોતાની રઈઅતને જણાંવીઊછે ? દારયવુસે એ લેખો ગોએઆ ખરી આગાહીથી પછવાડેના હજારો વરશ પછીનાં જમાનાને સારૂં કોતરાવીઆ હોએ એવું લાગેછે. જે ધણી પોતાના કાંમને સારૂં પછવાડેના જમાના ઉપર ભરોશો રાખે તે, ખરાં મોટાં મનનો સંખશ જોઈએ. વધારે અજાબ એ લાગેછે કે જે પાદશાહે મોટા બલવા સખત લડાઈઓથી બેશાડી દીધા, જે લડાઈઓની ગરમીમાંથી તરત નીકલેલો, તે હંકાર અથવા ગુમાની વગર પોતાની બીના જાહેર કરે. એક તવારીખ લખનારની શાદાઈ એ ધણી

એ આટલી ફ્તેહો પછી પકડી એવું એશીઆની તવારીખમાં આપણા જોવામાં હજી લગી આવીઊં નથી. હું ઘણુ નથી બોલતો. જો હું જ ણાવું કે ઈરાનના તખત ઉપર કોઈ કાલે દારયવુશ જેવો મોટો પાદશાહ બીજો કોઈ બેઠો નથી.

ઈરાનીઓ આગલ જુઠું ધીકારતા હતા એવું ગરીક ગરંથકારો લ ખી ગીઆ હતા, તેની સાબેતી દારયવુશની તખતીઓ ઉપરથી પુરતી રીતે મલેછે. એક જગોએ પાદશાહ પોતાની પછી આવનારને શીખામણ દી એછે કે "જુઠાંથી તદન દુર રેહજે, જે માણુશ જુઠો હોએ તેનો તદન ના સ કરજે" એ લેખોમાં પાદશાહે બીજાં કાંમો નથી જાહેર કીધાં તેનુ કાર ણ પોતે જણાવેછે "હોરમઝદની મેહેરબાનીથી એ વગરે જે મેં ઘણું કીધુંછે તે મેં આ તખતીઓમાં નથો લખાવીઊં કે રખેને જે કોઈ અવે પછે આ તખતી વાંચે તેને ઘણા કાંમો જે મેં બીજે ઠેકાણે કીધાંછે તે ખોટાં માલુમ પડે." એ તખતીઓની સંભાલ રાખવા પાદશાહ વાંચ નારને ભલામણ કરેછે. તેણે સંભાલ રાખનારને દુવા દીધાછે, અને ખ રાબ કરનારને સરાપ આપેલાછે.

બહીસતુન ઉપર એક તાતારી તખતીછે, જેનો તરજુમો ઈરાની ત થા બાબીલોનીઅન ભાશાઓમાં કીધો નથી † તે ઉપરથી માલુમ પડે

---

† આ તખતીઆના કેટલાઈક હરફો ઘસાઇ ગીઆછે. ઈનો તરજુમો મી૦ નારીસે નીચે જણાવીઆ પરમાણે કીધોછે.

"પાદશાહ દારયવુશ કેહેછે;—હોરમઝદની મેહરબાનીથી મેં ઈક બીજી ત ખતી ઈરાની ભાશામાં બનાંવીછે કે જેવી આગલ નહી હતી, અને મેં ઈક મોટી ....અને ઈક મોટી ....અને ....અને.. ....અને તેઓને લખીને વેહેંચીછે અને પછી મેં ઊપલી તખતી (આખાં) રાજ માં ફેરવી અને તે લોકો સમજીઆ.

છે કે પાદશાહે પોતાની ફતેહ જે બલવાખોરો ઉપર કીધી હતી તેની એક તખતી છુટી કરીને આખા રાજમાં ફેરવી હતી કે સઘલા વાકેફ થાએ અને લુચાઓ લોકોને જુદુ સમજાવી બલવો નહી ઉઠાવે.

એ પાદશાહે જેમ પોતાના વંશનો ખોવાએલો હક ગઉમાત મગુશને મારી મેલવીઓ તેમ તે સાથે ધરમને લગતો ફેરફાર પણ કીધો. ખીલ્લારોકી તખતીઓ ઇરાનની એ વખતની તવારીખમાંથી આપણી એક મોટી ગુચવણ દુર કરેછે. પારસીઓ, જેઓ એરીઅનેમ વએજોથી ફતેહ કરતા આવીઆ તેઓ પોતાનો ધરંમ, જે ઇંજસનેના ગાથાની અંદર જાહેર કીધોછે, જેમાં હોરમઝદ અને હારેમન વચેની દુશમની જાહેર કીધી છે તે લેતા આવીઆ. એ ધરંમ, જે કોમો તાબે થતી ગઇ તેઓએ કબુલ રાખીઓ; તોપણ આગલ જે બરાહમણો, અથવા મોબેદો હતા તેઓને તે પસંદ નહી આવીઓ અને તેઓ પોતાનો ધરંમ દાખેલ કરવાની ટક જોતા હતા. જારે કબુજીય પાદશાહ મીસર ગીઓ તારે, એ ટક તેઓને જડી. તેઓએ પોતામોના એક જણને પાદશાહ ઠેડવીઓ કે પોતાની મતલબ પુરી પડે. ગઉમાતે જે થોડાં વરશ રાજ ચલાવીઉં તેમાં જે બંદગીની જગો હતી તે ભંજાવી નાખી અને ગાથા પઢવાની ચાલ બંધ કીધી. દારયવુશ જારે ફતેહ પામીઓ તારે, તેણે પાછો અસલી ધરમ દાખેલ કીધો. ધરંમનાં મકાનો બાંધીઆ, અને ગાથા પઢવાનુ પાછું જારી કીધું. પછવાડેથી મગુશનો ધરમ થોડો ઘણો આમેજ થાએઓ, પણ પેહલાં જે હજરત જરતોસતે પારસીઓને ધરંમ આપીઓ હતો અને વેદમાનાં હીંદુઓની રસમથી છુટા કીધા હતા, તે ધરંમ દારયવુશે પાછો ખાલેસ સથાપીઓ.

દારયવુશની બીજી તખતીઓ પરસીપોલીસના મેહલોમાંછે. એ મેહલો શીરાઝની ઈસાન કોણે પાંતરીસ મઈલ દુર, મરદશતના મેદાનમાં છે અને જોકે તેની ઉપર જમાનાની અસર થાઇછે અને માણસના હાત

થી ભાંગી ટૌડી પડીછે, તોબી હજુર તેઓની વેરાન હાલતની અંદર તેઓનો આગલો દબદબો દેખાઈ આવેછે. ખરેખર પોતાની પેહલી હાલતમાં એ મેહલો દુનીઆમાં સઉથી સારા હશે. એ ભાગેલા મેહલોને ચેહેલમીનાર, અથવા તખતે જમશીદ કેહેછે, અને ખીલારોકી તખતીઓ ઉપરથી માલુમ પડેછે કે એ મેહલો પાદશાહ દારયવુશ તથા તેના બેટા ખશયારશાએ બાંધીઆ હતા. એ મેહલની અંદરની તખતીઓનો તરજુમો આગલ આપીઓછે. પાદશાહ પોતાના મેહલ અને વતનની પાસબાની હોરમઝદને સોંપતી વખતે આરાધના કરેછે કે લડાઈ, ગોલામગીરી, નાતવાની, અથવા જુઠાંને આ પરાંત (પારસ) ઉપર સરદારી લેવા દેતો નહી." ઈરાનના રાજનુ ખરૂં જોર પારસના પરાંતમાંછે, એ પાદશાહે બતલાવીઊંછે અને તે પરાંનને આસરો આપવા પોતાની પછીનાઓને ભલાંમણ્ કરી ગીઓછે.

દારયવુશની થોડી તખતીઓ નકશે રૂસતમના પાહાડો ઉપરછે. એ પાહાડ ઈસતખરના મેદાન આગલ, ચેહલ મીનાર અને મુરગાબ વચેછે. તે આસરે નવંસો ફુટ ઊંચોછે અને તેની ઉપર ઈરાની પાદશાહોનાં ચાર દોખમાંઓછે. એ દોખમાંઓ ઉપરથી પાદશાહ કેહેછે કે "હોરમઝદના ફરમાનને મૂરવા નાદેતા તથા સંભાલ રાખજો કે રાસત કહેલું તમો નહી છોડો. એ જગોએ પાદશાહ જાહેર કરેછે કે "હું પારસી પારસીનો બેટો, અરીય અને ઓલાદનો" છેઊં. એ જગોએ એક તખતીછે, જે ઈરાની ખીલારોકી હરફોમાંછે અને જેનો તરજુમો બીજી બે ભાશામાં આપીઓ નથી તે હજી શુધી કોઈ મુસાફરે પરગટ કીધો નથી; કાંએકે તે અતીશે ઘસાઈ ગએલીછે. અને તે તખતીને જાણીજોઇને ખરાબ કીધીછે એવુ કરનલ રાલીનસન કેહછે. થોડાએક બોલો ઉપરથી તે એવું ધારેછે કે દારયવુશે પોતાની કોમને રાજકુમાર તથા ધરંમ વીશે છેલી શીખામણ દીધી હશે.

દારયવુશની બીજી તખતીઓ જુજ બાકી રહીછે. મીડીઆની રા

જધાની એકબતાના હતી, જાંહા હાલ હામદનનુ સેહરછે તેની પડોસમાં એલવંદના પાહાડ ઉપર એક તખતીછે. એક બાબીલનના સીલાનદર ઉપર અને એક સુએઝ આંગાલથી પથર મલીઓ હતો તેની ઉપર. એ પથર ઉપર માતરે બે ભાશા અને બે જાતના હરફોમાં હતી. હીરોડોટસ જણાવે છે કે ગરીસમાં પણ એ પાદશાહે તખતીઓ ઉભી કીધી હતી, અને તેમાં એક ભાશા ગરીક(ઇઉનાની) અને બીજી ખીલારોકી તખતીઓમાં એક ભાશા પાદશાહની પોતાની અને બીજી જે દેશમાં કોતરેલી તેની ચાલુ ભાશા હતી. એક તખતી જે વીશે હીરોડોટસ લખી જાએછે કે તે દારયવુશે ટીઅરસ નામની નદીને કાંઠે ઉભી કીધી હતી તે તખતીની હસતીની સાબેતી જનરલ જોકમસ નામના સરદારને ૧૮૪૭ માં મલી હતી. એ સરદારને એક ઘરડા તુરકે કહેઉ કે મારા ઘર આગલ એક તખતી પડી રહી હતી અને તેની કોઈ દરકાર કરતુ નહી હતુ.' સરદારે તુરત સોધ કરવા મોંડી પણ માઠાં ભાએગે તે રદ ગઈ. જોએઆમાં તેને ઈટરડી જાણી કોઈએ દેવાલમાં ચીની લીધી હશે, અથવા કરેલ જાણી તેને બાલી ચુનો કીધો હશે.

ખશાયારશા પાદશાહનો તખતીઓ પરસીપોલીસ, એલવંદ, વાન અને એક ફુલદાની ઉપરછે. એ તખતીઓ હોરમઝદની આરાધના તથા પોતાના ખેતાબો જાહેર કરેઆ સીવાએ બીજું કસું અગતનુ નથી બતલાવતી.

ખશયારશા પછી ખીલારોકી ભાશા પડતી હાલતમાં આવી. પછવાડેના પાદશાહોની તખતીમાં વેઆકરણ તથા જોડણી ઘણીજ ઉતરતી તથા અધુરી હતી. એ તખતીઓ માતરે બે પાદશાહના વખતનીછે. તેઓનુ નામ એકજ હતુ, અરતખશતરા.

જે અરતખશતરાની તખતીઓ સુસા આગલથી જડી હતી, તેને ગરીકે આરતા ઝરકસીસ નીગાન કેહતા હતા. એ પોતાની તખતીમાં જાહેર કરેછે કે જે મેહલ દારયવુશ પાદશાહે બાંધીઓ હતો તે મેં સમરાવી

ઓ. એની તખતીની અંદર અનહુત † તથા મીથરના નામો પેહલાં જોઈએ છઈએ.

એ તખતી ઉપરથી એવું ધારીઆમાં આવીઉંછે કે દારયવુશ પાદશાહે જો કે પોતાની દીનને આગલ માફક ખાલેશ રાખવા માંગી હતી અને પોતાના અમલમાં તેમ કરી શકીઓ; તોપણ પછવાડે ઈરાનનાં બીજા પાદશાહો તેના જેવા સાવધ રહેઆ નહી અને મગુશોની દીન જરતોસતી દીન સાથે આસતે આસતે આમેજ થતી ગઈ. દારયવુશ પોતે હોરમજદનુ નામ વાપરેછે અને એહેરેમનને બદલે "જુઠાનો દેવ" એવા બોલો આવીઆછે પણ કોઈ અમસાસપંદ અથવા ફરેસતાનુ નામ વાપરીઉ નથી.

બીજા અરતખશતંરાને ગરીકો આરતાઝરકસીસ ઓકસ કેહતા હતા. એ પાદશાહ પોતાના વડાવાના નામ જે આપી ગીઓછે તે ગરીક તવારીખ લખનારાઓને મલતાં આવેછે. એ પાદશાહનુ નામ મીસરના એક ફુલદાની ઉપર હતું અને તેની શાથે મીસરના જુના હરફો, જેઓને હીરોગલીફીક કેહછે તેમાં પણ હતું. એક વીદવાન, જેને ખીલારોકી હરફો ખબર નહી હતા તેણે તથા બીજાઓ, જેને હીરોગલીફીકની મદદ નહી હતી તે બંધાએ, પોતાની જુદી રીત પરમાંણે હરૂફો ઉકલાવીઆ, અને એકજ નામ વાંચીઉં. બંધેની હરફો ઉકલાવવાની રીતો ખરીછે એમ તેઓએ એક બીજાને વગર ધારવે ટેકો આપીઓ.

તખતીઓમા જે પાદશાહોના નામો આવીઆંછે તે વીશે તવારીખ અંજાંણી નથી. યુનાની ગરંથકરતાઓએ ઈરાનના પાદશાહો વીશે કેટલીએક બીનાઓ લખીછે અને તેઓના નામો આપીઆંછે તે ઉપર એ તખતીઓ

---

† પલુ ટારક અને બીરોસસ્સ ફઓ જણાવેછે કે અનહત અથવા સુકરની ભકતી પછવાડેથી ઈરાનમાં દાખેલ થઇ, અને હાલ ફારસીમાં સુકરને નાહીદ અથવા આનાહીદ કેહછે તે અસલ બોલ ઉપરથી ઊતરેઓછે ફવુ કેટલાફકો ધારેછે.

ઘણુ અજવાલું નાખેછે. હખામનીશ પાદશાહોની જનમ ભુમી પારસ હતી, જેને હાલ ફારસ અથવા ફારીસતાંન કેહછે. એ પરાંતમાં પેહલો પાદશાહ હખામનીશ ગણાએછે. એવું વીચારેછે કે જંદ અવસતામાં જણાવેલો ટોલો જે એરીઅનમ વએજો છોડીને પશચમ ચાલીઓ હતો, અને જેણે પારસમાં આવી મુકામ કીધો હતો તે ટોલાનો પેહલો પાદશાહ નવા પરાંતમાં હખામનીશ હતો. એ પાદશાહ ઈસવી સનેની ૭૦૦ વરશ અગાઉ થઈ ગીઓ હશે. તખતીઓમાંના પાદશાહો કેહછે કે અમો હખામનીશથી ઉતરેલા છઈએ, અને જણાવેછે કે એ કારણને લીધે અમોને તેના ખાનદાનના કેહછે. હીરોડોટસ નામના ઈતીહાસ કરતાએ જરકસીસ પાદશાહની વંશાવલી જણાવતી વખતે તે પાદશાહના કુટંબના વડાવાનુ નામ " આકામીનીસ " જાહેર કીધુંછે.

હખામનીશના બેટા ચીશપાઈશનું નામ તખતીઓમાં આવેલુછે, અને હીરોડોટસ તેને " ટીસપીસ " ને નામે જણાવેછે. એ પાદશાહને બે દીકરા હતા. તખતીઓમાં એકનુ નામ આવીઊંછે પણ તેનો પાદશાહી દરજ્જો જણાવીઓ નથી. એનુ નાંમ અરીયારામનછે અને હીરોડોટસ તેને અરીઆરામનીસ કરી લખી જાએછે. બીજો દીકરો જે પાદશાહ હતો તેનુ નામ માતરે ડાએઓડોરસ નામના લખનારે જણાવીઊંછે. એ નામ વીશે આગલ શક હતો; પણ પછવાડેથી તખતીઓ ઉકલાવીઆ પછે તે દુર થએઓછે. દારયવુશ પાદશાહ પોતાના બાપ, બપાવા તથા તેના બાપના નામો પાદશાહો હોએ તેમ જણાવતો નથી, અને બીજા પાદશાહોએ પોતાની તખતીઓમાંબી તેમજ કરીઊંછે. અવે દારયવુશ પોતાને નવમો પાદશાહ ગણેછે, તારે બાકી આઠ આવવા જોઈએ, અને ડાઓડોરસનુ જણાવેલુ નામ લીધુ નહીતો આઠ થતા નથી, કોઠો તપાસતાં મા

લુમ પડશે કે દારયવુશની અગાઉ આઠ પાદશાહોછે. † એ નાંમ કામ બાઈસીસછે અને તે ખીલા રેકી હરફમાં કબુજીઅ થાએછે.

કબુજીઅના દીકરાનુ નામ કુરૂશછે. એ નાંમ વીશે હીરોડોટસે જ ણાવી ગીઓછે કે મોટો પાદશાહ કુરૂશ, જણે ઈરાનનુ રાજ સથાપીઊં તેહેનો બપાવો થાએ. તે ઈસવી સનેતી ૬૦૦ વરશ અગાઉ થઈ ગીઓ.

એનો દીકરો કબુજીઅ નામનો પાદશાહ થએઓ. હીરોડોટસ એને વીશે ચુકથી લખેછે કે તે માતર પારસના એક ઊંચા કુટંબનો શખસ હ તો. ઝેનાફન એ વીશે બરોબર જણાવેછે કે તે પારસનો પાદશાહ હતો. કરનલ રાલીનસનને એક ઈટરડી બાબીલનના ખીલા રેકી હરફેથી કોત રાએલી મલીછે. એ ઈટરડી ઈરાક આરબીમાં શેનકેરેહ નામના શેહરમાં થી જડી હતી અને તેમાં કુરૂશ પોતે કેહછે કે "મોટો પાદશાહ કુરૂશ મો ટા પાદશાહ કબુજીઅનો બેટો." એ ઉપરથી કબુજીઅ નાંમનો બીજો પા દશાહ સાબેત થાએછે.

કુરૂશ નાંમનો મોટો પાદશાહ તારપછી આવીઓ એના વખતમાં પારસના ઈરાનીઓ આખા એશીઆમાં ફરી વલીઆ. ઈંગરેજીમાં એ પાદશાહને સાઈરસ ધી ગરેટ એટલે મોટો સાઈરસ કેહછે. એ પાદશા હની તખતી મુરગાબ આગલછે તે વીશે આંગલ જણાવીઊંછે. બહીસ તુનની તખતીમાં દારયવુશ કેહછે કે કુરૂશ અમારા ખાંનદાંનનોછે. એ પા દશાહની કારકીરદીની હકીકત હીરોડોટસ, ઝેનાફન, કટીસીઆસ એઓએ

---

† રાલીનસન ૬ આઠ નામ ગણતો નથી. તે કેહછે કે બરદીઅ કુ ધી પાદશાહ થઈઓ નથી. તેને આગમજથી મારી નાખીઓ હતો તેથી હ ખામનીશના બાપને પેહલો પાદશાહ ગણવો જોઈએ. ૬ પાદશાહનુ નામ ઈરા નાની ગરંથકારોએ "પરસીડીસ" કરી જણાવીઊંછે અને તેઓ કેહછે કે પાર શનાં પરાંતનુ નાંમ તથા પરશીઆ, જે આખા દેશનુ નાંમછે તે પરસીડીસ ઊ પરથી નીકલીઊંછે.

પોતાની તવારીખોમાં લખીછે. ટાલેમી, બીરોસસ તથા એસકીલસ એ ને વીશે કહી ગીઆછે અને જુની તોરાતમાં ઈસાહયા, ઓજરા અને ડે નીઅલની પોથીઓમાંછે.

એના બેટા કબુજીઅ તરીજા વીશે ઈઉનાની તવારીખ કરતા લખી ગીઆછે. બહીસતુનની તખતીઓમાં એની હકીકત ટુકમાં જણાંવીછે તે હીરોડોટસને મલતી આવેછે. એ પાદશાહનુ નામ મીસર દેશની તખ તીઓમાંથી કામબાથ કરીને જડીઊંછે. ઈઉનાની નામ કામબાઈસીસ હતું.

એ પાદશાહનો ભાઈ બરદીય હતો; જોકે હીરોડોટસ તથા બીજા એ નુ નાંમ સમેરડીશ લખેછે અને તેના ખરાં નામને મલતું બારડીશ નામ પણ તેઓ વાપરતા હતા. એને એના વડા ભાઈએ મારી નાખીઓ હ તો તે બહીસતુનની તખતીમાંથી માલુમ પડેછે અને તે પરમાંણે ઈઉનાની ગરંથકારો લખી ગીઆછે. કુરૂશના બંધે છોકરાઓ કુદરતી વારસ વગ ર મરી ગીઆ હતા.

ઉપર જણાવીઊં હતું કે અરીયારામનને પાદશાહી મલી નહી હતી તેની ઓલાદને તખત મલીઊં. અરીયારામનનો બેટો અરશામ હતો અને તેનુ નામ તખતીઓમાં તથા હીરોડોટસનાં પુશતકમાં માલુમ પડેછે. પણ તેને પાદશાહ કરી જણાવીઓ નથી. અરશામનો બેટો વીસતાસુપ હતો. જે વખતે કુરૂશની ઓલાદ ટુકી થઈ ગઈ તારે તખત વીસતાસપને પુગ વું જોઈતું હતું; પણ તે વખત બીકટ હતો અને જુઆન તથા દલેર શ ખસની ગરજ હતી કે જે ગઉમાતના હાતમાંથી રાજ છીનવી લેઈને હો શીઆરીથી ચલાવે. એ સબબથી બાપે પોતાના દીકરા દારયવુશને તખતે બેસવા દીધો, એટલુંજ નહી પણ તેના હાત તલે પરાંતનો એક હાકમ (છતરપ). દાખલ રહેઓ અને બલવાની વેલાએ દીકરા તરફથી લડવા નીકલીઓ. બહીસતુનની તખતીઓ ઉપર એ વીનુા જાહેર કીધીછે. એ નુ નામ ઈઉનાનીઓ "હીસતાસપીસ" કરી દેતા હતા.

વીસતાસપનો બેટો દારયવુશ ઈરાનનો શઉથી મોટો પાદશાહ નીકલી આ. ઈઉનાંની ગરંથ કરતાઓ એને વીશે પુશકલ લખી ગીઆછે. હીરોડો ટસની તવારીખની ચાર ચોપડીનો મુખીઅ ભાગ એ પાદશાહની કારકીર દીથી ભરીઓછે. એ પાદશાહની તખતીઓ પણ ઘણી રહી ગઈછે, અને ત સંધી બીજી કરતાં વધારે અગતની માલુમ પડીછે. ઈઉનાનીઓએ અસલ નામને મલતું નામ એ પાદશાહનુ રાખીઊં હતું.

દારયવુશના બેટા ખશીયારશાને ઈઉનાની ગરંથકારો ઝરકસીસ કે હતા હતા તથા તેનું નામ ઈહુદીઓની તોરાતમાં આહાસુએરસ કરી આ વેલુંછે. હીરોડોટસ તથા બીજાઓએ એ પાદશાહનાં લાંબાં દાસતાનો લખીઆંછે. એ પાદશાહની તખતીઓ ઉપરથી તવારીખને લગતી કાંઈ બીના આપણને મલતી નથી.

ખશયારશાનો બેટો અરતખશતરા નામનો હતો. એને ઈઉનાનીઓ આરટાઝરકસીસ કેહતા હતા, અને તેનો એક હાત લાંબો હતો તેથી તેનો એલકાબ લાંજીમેનસ કીધો હતો. એ પાદશાહની તખતી એકુ માલુમ પડી નથી, પણ માતરે તેનુ નામ ચેહલમીનારની પછવાડેનાં પાદશાહની તખતીમાં, જેહમાં તે પોતાના વડાવાના નામો જાહેર કરેછે તેમાં જણાવીઊંછે.

એ પાદશાહનો બેટો દારયવુશછે; એની પણ કોઈ તખતી નથી. માતરે ઉપર જણાવીઉ તેમ તેનુ નામ મલીઊંછે. એ પાદશાહને મલતું ઈઉનાની નામ દરાએસ નોથસ આવેચ.

એનો બેટો અરતખશતરા નામનો હતો અને તેને મલતુ ઈઉનાની નામ આરતાઝરકસીસ નીમોનછે. એ પાદશાહની તખતી સુસા આગલ જડીછે, નીમોનનો એલકાબ તેની સારી ઈઆદદાસત ઉપરથી આપીઓ હતો.

એનો બેટો અરતખશતરાછે, જેને ઈઉનાનીઓ આરટાઝરકસીસ

એકસ કેહછે. એ પાદશાહની તખતી ચેહલમીનારમાંથી મલી આવીછે

તખતીઓમાંનાં પાદશાહોના નામો સાથે શાહનામામાં આવેલાં નામોનો મુકાબલો કરવાને ઘણા જણ કોશેશ કરેછે પણ તે ઉપર ભરોશો રખાઈ શકાતો નથી. તખતીમાંના દારયવુશને વીશતાસપ અથવા ગુશતાસપ પાદશાહ ગોઠવી બેસાડવાને એકબી પાકુ કારણ નથી મલી આવતું. ઝંદ અવશતામાં અને શાહનામામાં વીસતાસપ પાદશાહ કેહવાએછે પણ તખતીમાં વીસતાસપ માતરે હાકમ હતો, અને પોતાના દીકરા દારયવુશના અમલમાં છતરપ માફક રહેઓ હતો. ઝંદ અવસતા અને શાહનામાં પરમાણે હજરત જરતોશતને વીશતાશપનાં વખતમાં દીન લાવવી જોઈએ, પણ તખતીઓમાં જરતોશતનુ નામ મુતલગછેજ નહી અને જારે પાદશાહ દારયવુશ ધરંમનો સુધારો કરવા કેહેછે તારે પોતે માતરે કીધુ હોએ તેમ જણાવેછે. જારે દારયવુશ અને સાહનામાનો ગુસતાસપ એક થઈ શકે નહી તારે બીજા પાદશાહો પણ તેમ થાએ નહી. ઝંદ અવસતાના નામો શાહનામાંમવેનાં નામોને કદાચ મલતાં આવે પણ ઝંદ અવસતામાં પારસ અથવા માદ વીશે કસું જણાવીઊં નથી, અને એ બે પરાંતોનાં પાદશાહોની અગાઉ ઝંદ અવશતાના પુરાણા કલામો લખાએઆ હશે એવો હાલ વીચારછે. બાકટરીઆમાં આગલ રાજ હતુ તેના પાદશાહોનાં નાંમો કદાચ શાહનામાંમાં હોએ; પણ તે રાજની કસીબોબીના ઈરાની ખીલારોકી હરફોમાં નથી.

તખતીઓમાં પરાંતોનાં તથા ટોલાઓનાં નાંમો આવીઆંછે તે મુકરર કરવાને ઈઉરોપીઅન વીદીઆરથીઓએ જે મેહેનત લીધીછે તેની પુરતી તારીફ મારેથી થઈ શકતી નથી. ભાશાઓ ઉપરથી તથા તે પરાંતો વીશે જુના પુસતકોમાં જે કાંઈ માલુંમ પડીઊંછે તેની મદદથી આગલા ટોલાઓ વીશે ખોલ કીધીછે. તે ઉપરથી દુનીઆની તવારીખનો કેટલો એક ભાગ જાણવાજોગ માલુમ પડીઓછે. દારયવુશ પાદશાહના વખત

માં મોટા રાજમાં તરંણ તરેહના ટોલાઓ હતા અને તેઓ માટે તરણ તરેહની ભાશાઓ તખતીઓમાં વાપરીછે. એ ટોલાઓની ભાશા ઉપર થી તેઓના નામો મેં સેમેટીક અથવા અરબી, ઇરાની અને તુરાની વાપ રીઆંછે. દુનીઆની સઘલી ભાશાઓમાંથી ચીનાઈ અને તેને લગતી ભા શાઓ બાદ કરીને તેના વરગ કરવા માંગીએતો તરણ મોટા વરગ થાએછે. પેહલા વરગમાની ભાશાઓની બાંધણી ઇહુદી અથવા અરબીના જેવીછે; બીજા વરગની બાંધણી સંસકરીત અથવા ઝંદના જેવીછે, અને તરીજો વર ગ, જેમાં પુશકલ જુદી ભાશાઓછે તેને એક સાધારણ નામ તુરાની આ પીઊછે. હાલ એવો વીચાર જાએછે કે દુનીઆમાં પેહલાં તુરાની ભાશા બોલનારાઓ હતા. એ ભાશા અતીશે અધુરીછે અને તેમાં ઘણા બોલો નથી તથા વેઆકરણના ચોકસ નીએમ નથી. કેટલાએક કારણો, જે હી આં જાહેર કરવાને બનતુ નથી તે ઉપરથી બીદવાનો એવું મત ધરાવેછે કે તુરાની ભાશાઓમાંથી સેમેટીક, અથવા અરબી ભાશાઓ પુખત થઈ નીકલીછે, અને આફરીકાની ભાશાઓ તે અધુરી સેમેટીકછે. એજ પર માંણે ઇરાની ભાશાઓ નીકલીછે તેની શાહેદી હજી મલી નથી; પણ કેટ લાએક એવું ધારેછે કે જારે તુરાની ભાશામાંથી એક તરેહ નીકલી. તારે બીજી તરેહ પણ નીકલી હશે. ઈસની ભાશાઓ પેહલાં અરમીનીઆ માં સરૂ થઈ એવું ધારેછે. તાંહાંથી તરંણ ટોલા તરણ દશાએ નીકલી આ. એક ટોલો પસચમે એશીઆમાઈનર ચાલીઓ અને તાંહાંથી ગરી સ અને ઈટાલીમાં જઈ વસીઓ; બીજો ટોલો ઉતરે વધીઓ અને પાહા ડો પસાર કરી કાલા સમુદરની આસપાસ થઈ ઈઉરપના મધીઅ અને પસચમ ભાગમાં જઈ વસીઓ; અને તરીજો પુરવે ચાલીઓ અને કાસ પીઅન સમુદરને દખણે થઈ અફગાનીસતાનના પાહાડો ઉપર જઈ પુ ગીઓ. એ તરણ ટોલામાંની તરીજાની તવારીખ આ રેસાલામાં લાગું પડેછે. એ ટોલાનો એક ભાગ પાહાડ ઉપરથી નીચે ઉતરીને ફતેહ કર

તો ચાલીઓ, અને તેણે ઈરાનનુ મોટું રાજ સથાપીઊં. એ ટોલાના ધ રમ પુસતકો ઝંદ ભાશામાં હતાં, અને રાજ સથાપીઆ પછે, તેઓમા ઈ રાની ખીલારેકી હરફોની ભાશા ચાલી. આખાં રાજમાં સઉથી અગત નુ પરાંત પારસ હતું.

પારસ અથવા પરસીસ— એ પરાંતને હાલ પારસ, ફારસ, અથવા ફારીસતાન કેહછે. એ પરાંતમાંની ભાશાના પાંચ તબકા થએઆછે. ૧. પેહલાં ઝંદ ભાશા હતી. ઝંદ અવસતામાં જે ભાશાછે તેમાં અસલ ઝં દછે અને પછવાડેથી તે ભાશામાં ફેરફાર થએલોછે, તબી તેજ પુસતકના બી જા ભાગો ઉપરથી માલુમ પડેછે. પછવાડેની ભાશામાં બોલોનાં રૂપ જુદી તરેહના આવેલાછે. ૨. પારસના રેહવાસીઓએ મોટુ રાજ સથાપી ઊં તેની જરા અગાઉ જે ભાશા ચાલવા લાગી તે ખીલારેકી હરફોમાં કો તરેલીછે અને જે વીશે આ રેસાલો લખીઓછે. એ ભાશા સેકંદર વેર ચાલી એવું ધારેછે. ૩. પેહલવીની કેટલીએક જાતો, જે સાસાની પાદ શાહોના વખતમાં પાહાડો ઉપરની તખતીઓમાં તથા સીકાઓ ઉપર કો તરેલીછે અને જે ભાશામાં પારશીઓનાં પેહલવી ધરમ પુસતકોછે. ૪. પાઝંદ અથવા જેને સપીગેલ પારસી કેહછે. ૫. હાલની ફારસી, જે માં અરબી અને બીજા પુશકલ બોલોછે, પણ જેનુ વેઆકરણ અને બો લોના મુલો ઈરાની ભાશાઓના જેવાંછે. પારસ નામ "પરસી" વાઘો ઉપરથી નીકલીઊંછે એવું કેહછે અને ઈરાનના પરાંતોનાં આગલાં નામો જનાવરો ઉપરથી આપીઆમાં આવીઆં હતાં, જેમકે "માદ" સરપ ઉપર થી, વરકાન વરૂ ઉપરથી, "સાકી" કુતરા ઉપરથી, "મક" માખ ઉપરથી "કુશીઆ" ખલીર ઉપરથી.

માદ અથવા મીડીઆ— એ પરાંતનો મોટો ભાગ હાલના ઈરાક આ જેમીમાં હતો અને બાકીનો આજરબીજાનમાં. મીડો, અથવા માદ પારસીને મલતા હતા. બંધોનો ધરમ અને ભાશા એક હતી. બંધે એરીઅનમ

વએજોથી આવીઆ હતા. હીરોડોટસ કેહછે કે મીદોને અગાઉ એરીઅ નો કેહતા હતા અને તેજ પરમાંણે અરમાની ગરંથકારો લખી ગીઆછે. બંધેનો પોશાક પણ એકજ તરેહનો હતો. નીઆરકસ જે સેકંદરનો સ રદાર હતો અને નામીચો ભુગોલ વીદીઆ જાણનાર સત્રાબો એઓ મી દો અને પારસી વચે ફેર રાખતા નહી હતા. ગરીકોની માફક ઈહુદી લખનારા બંધે કોમનાં નામ સાથે વાપરેછે, જાણે તેઓમાં જાજો ફેર નહી હોએ. મીદોના નામો જે તખતી ઉપર અને ગરંથોમાંછે તેઓના મુલ ઈ રાની ભાશાઓના જેવાં માલુમ પડીઆંછે, અને બીજાં નામો જેવાં કે "સ પક" (કુતરો) અને "અજદહક" (કરડતો સરપ) એ નામો ઝંદને મલ તાંછે. મીદો પેહલા આવીને ખોરાસાનમાં વસીઆ અને કરનલ રાલીંન સન ધારેછે કે વંદીદાદમાં વીકેરેત નામની જગો લખીછે તાંહાં પેહલાં આસરો પકડીઓ હશે. ઉવખશતરના વખતમાં મીદોનુ રાજ સરૂ થએઉં અને કુરૂશના વખતમાં તેઓનો પરાંત પારસીઓને તાબે થએઓ, તોબી તેઓ આબરૂથી રહેઆ અને તખતીઓ ઉપરથી માલુમ પડેછે કે દારયવુશે પોતાના અગતનાં કાંમોમાં તેઓને આગેવાન કીધા હતા તથા તેઓ મો ટા ઓધા ધરાવતા હતા.

ઉવજ્ અથવા સુસીઆના— એ પરાંત પારસની વાવીઅ ખુણે હ તું અને તેને ઈલામ નામ ઈહુદીઓએ અપીઉ હતું. પેહલવીમાં હવુ જ અને જુંની ફારસીમાં હુજ અથવા અહવાજ નાંમો મલતાંછે. એ પરાં ત હાલ ખુજીસતાંનને નાંમે ઓલખાએછે. એ પરાંતના લોકો આગલ તુરાની અથવા તાતાર હતા, અને કેટલીએક તખતીઓ જે એ પરાંતમાંથી મલી આવી હતી તેમાંની બોલી મી૦ નોરીસે તાતારી મુકરર કીધીછે, એ પરાંત ઈરાનીઓએ ફતેહ કરી તેઓ સાથે મલી ગીઆ અને પછવા ડેથી પારશીઓના પાદશાહોએ પસારગાદી તથા અગબતાના શેહરો જે પાએતખલ માફક રાખીઆ હતા તેઓને છોડી દઈને એ પરાંતમાના

શુસા શેહરમા રેહવા લાગા. હીરોડોટસના વખતમાં એ પરાંતનુ અસલ નાંમ કીસીઆ કરી જારી હતુ અને એવું ધારેછે કે એ નામ કશને મલતું છે, અને તાંહાના લોકો મીસર તથા હબસીઆને મલતા હતા.

પરથવ અથવા પારથીઆ—એ પરાંતના લોકો તુરાની હતા તે વીશે જાજો શક રહેઓ નથી. ઈરાનમા અશકાની ટોલાનુ રાજ તુરાની ગણાતું હતું. એ પરાંતના અશલ લોકોએ અશકના હાત તલે બલવો ઉઠાવીઓ હતો. પારથીઆનોને ઈરાનીઓએ ફતેહ કરી તાબે રાખીઆ હતા; પણ તેઓ સાથે ભેલાએઆ નહી હતા. એ પરાંતના ઉતરના ભાગનુ નામ વંદીદાદમાં નીસીઆ કરી આવીઉછે.

હરીવ અથવા આરીઆ— વંદીદાદમાં એ નામ હરોયુ કરી આવીઉછે, અને હાલ તે નામ ઉપરથી હેરાત રહી ગીઉછે. એ પરાંતના લોકો ઈશની હતા.

બાખતરીશ અથવા બાકતરીઆ—વંદીદાદમાં એ નામ બખદીછે, અને હાલ એ પરાંત બલખનો ગણાએછે. સતરાબો એ પરાંતના લોકોને ઈરાની ગણેછે. એ લોકોના નામો જે થોડાં હાલ મલી આવીઆછે તે ફારસી તથા તેને મલતી ભાશાઓનાંછે.

શુગદ અથવા સાગદીઆના—વંદીદાદમાં એ નામ શુઘધછે અને ઈરાનીઓ અએરીઅનેમ વએજો છોડીઆ પછી પેહલા એ પરાંતમા આવીઆ હતા. એ પરાંત સમરકંદની આસપાસનો હતો.

ઉવ્રર ઝમીશ અથવા ખોરાસમીઆ— એ પરાંતને હાલ ખારીઝમ કેહછે અને વંદીદાદમાં ખઈરીઝાઓ આવેલુંછે. એ પરાંતનાં લોકો ઈરાની હતા.

ઝરક અથવા ઝારાનગીઆ—એ પરાંતનાં લોકો ઈરાની હતા. એ પરાંતનુ નામ ઝંદ અવસતામાં મલતું નથી, સોબી હએતુમત નામની નદી, જે વંદીદાદમાં આવેલીછે અને જેને હાલ હેલમંદ કેહછે તે નદી ઉપ

ર એ નામના પરાંતને ઝરક ગણેછે. કરનલ રાલીનસન ધારેછે કે પાર સી ઈરાનીઓનુ પેહલું રાજ એ પરાંતમાં હતું.

હર ઉવતીશ અથવા આશકોટીઆ— હીઆંના લોકો ઈરાની હતા. વંદીદાદમાં હરખઈતી કરી નાંમછે.

વરકાન અથવા હીરકેતીઆ—એ પરાંતમાં ઈરાની લોકો હતા. ઝં દ અવશતામાં વેહરકાન કરીને કેહછે, અને હાલ તેને ગુરગાન કેહછે.

અસગરત અથવા સગરતીઆ—એ પરાંત મીડીઆ અને પારથીઆ વચેછે. તખતીમાં મીડીઆનો તે એક ભાગ હોએ તેમ જણાવેલું છે.

મતગુશ અથવા સાતાગીડીઆ— હુએતુમતના પરાતની નજદીકનો પરાંત.

મારગુશ અથવા મારજીઆનાં—હાલ જાંહા મરવ શેહરછે તેની આ સપાસનો પરાંત.

ગદાર અથવા ગંદારીઆ—એ પરાંતને સંસકરીતમાં સીંધુ ગનધર કેહછે. એ પરાંત સીંધુ નદી ઉપરછે, અને તાંહના લોકો પછવાડેથી ખ ધાર અથવા કનધાર આગલ જઈ વસીઆ હતા. એ પરાંતનાં લોકો હીંદુ ઓને મલતાછે.

હીદુશ અથવા હીંદ— એ પરાંત સીંધુ નદી ઉપરનોછે અને દારય વુશે તે પેહલાં ફતેહ કરીઓ હતો.

મક અથવા મીકીઆ—ફારસની દખણેનો પરાંત. મક ઉપરથી હાલ નુ મકરાન નાંમ નીકલીઉછે.

સકા હુમ વરગા—એ ટોલાને ગરીકો સાકી આમીર ગાઈ કેહતા હ તા અને એ ટોલો તુરાની હતો.

સકાતીગર ખુદા— એ ટોલોબી સકા અથવા સાકી જેવોછે અને તેઓ (તીર) કામઠાં રાખતા હતા તેથી તીગર ખુદા નામ આપીઉછે. એ ટોલાની મુકરર જગા નહી હતી; પણ તેઓ વીખરાએલા હતા.

બાબીરૂશ અથવા બાબીલોનીઆ—એ પરાંતનાં લોકો " સેમેટીક " હતા અને તેઓની ભાશા ઈહુદી અથવા અરબીને મલતી આવેછે. એઓનુ મોટું રાજ અસલ જમાનામાં મશહુર હતું.

અથુરા અથવા આસીરીઆ— એ પરાંતના લોકો તથા ભાશા ઉપલાનાંજ જેવીછે. હાલ જે ભાશા કાલડીક કેહવાએછે તે બાબીલન અને આસીરીઆની ભાશાઓને ઘણી મલતી આવેછે. આસીરીઆનુ મોટુ રાજ ભાગાથી ઈરાનીઓનુ રાજ મંડાએઉ.

અરબાય—અરબસતાન, જે અરબો ઉતરે રેહતા હતા અને જેઓને જોકનાની તથા ઈશમલાઈટ અરબો કેહછે તેઓની ભાશા સેમેટીક હતી અને જે અરબો દખણે હતા અને જેઓને હોમીઆરીટીક અરબો કેહતા હતા, તેઓની ભાશા તુરાની હતી.

મુદરાયા—મીસર— એ દેશની ભાસા ચીવાલીએર બનસનના કહેઆ પરમાંણે, સેમેટીક ભાશામાંથી નીકલેલી હતી.

